



પ્રચાર યાત્રાની મોસમ : પાટનગરમાં ચૂંટણીની મોસમ ધીમે ધીમે અનુભવાઈ રહી છે. ભાજપનો મહાસંપર્ક અભિયાન અને કોંગ્રેસની જનસંપર્ક પદયાત્રા ચોકઠે ચોકઠે ફરે છે. મતદારોને પક્ષનો સંદેશ આપે છે. પોતાના પક્ષની તરફેણમાં મત આપવા સમજાવે છે. ચૂંટણીની આ તો મજા છે...! ભલ ભલા નેતાઓ ઘર ઘર ફરતા થઈ જાય... મતદારોની સર્વોપરિતા સ્વિકારી વિનંતી કરતા જાય છે, મતદારોની ફરિયાદો અને શિખામણ સાંભળતા જાય, શહેરમાં કોંગ્રેસ અને ભાજપના કાર્યકરો ઉત્સાહપૂર્વક ઘર ઘર ઘુમી રહ્યા છે.

# આર.ટી.ઓ.ના વહીવટથી અરજદારો પરેશાન બે મહીનાથી આર.સી. બુક મળતી નથી

## ઓનલાઇન એપોઇન્ટમેન્ટ અને પેપરલેસ વહીવટની વાતો વચ્ચે અરજદારો ધક્કે ચઢે છે

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગરની આર ટી ઓ કચેરીમાં અવારનવાર સર્વર ડાઉન થવાના લીધે અરજદારોના કામ અટકે છે. જયારે આર ટી ઓ કચેરીમાં લાઈસન્સ ઈસ્યુ કરવા સહીત આર સી બુક મેળવવાની કામગીરી પણ છાશવારે ખોરવાઇ જાય છે. એકબાજુ હાઈટેક આર ટી ઓ કચેરીમાં અરજદારોનો સમય ન બગડે તે માટે ઓન લાઈન એપોઈન્ટમેન્ટ સિસ્ટમ અમલમાં મુકવામાં આવી હોવાનુ પણ જણાંવાય છે.પરંતુ આર ટી ઓ કચેરીમાં છેલ્લા ઘણાં સમયથી આર સી બુક ઈસ્યુ કરવાની કામગીરી ખોરંભે પડી છે. જેના લીધે ૧ હજાર આર સી બુક પેન્ડીંગ પડી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. સિસ્ટમમાં ક્ષતિ હોવાના લીધે આ સ્થિતિ સર્જાઇ હોવાનુ આર ટી ઓ તંત્ર જણાંવે છે. જયારે અરજદારોને બે મહીનાના અંતે પણ આર સી બુક મળતી ન હોવાથી રોષ પ્રવર્તયો છે.

ગાંધીનગર આર ટી ઓ કચેરીનો વહીવટ છેલ્લા ઘણાં સમયથી ખાડે ગયો છે. આર ટી ઓ કચેરીમાં ભ્રષ્ટ વહીવટની ફરિયાદ બાદ એ સી બી ની ટ્રેપના અંતે અરજદારોની બુમ સતત ઉઠતી રહે છે. ગ માર્ગ પર સ્થિત આર ટી ઓ કચેરી અનેકવિધ સમસ્યાઓથી ઘેરાયેલી છે. આર ટી ઓ કચેરીમાં પગ મુકતા જ આમ નાગરિકોએ દુવિધાઓનો સામનો કરવો પડે છે. ત્યારે અરજદારોના કામ ચપટીમાં નિપટાવી દેવાની સુફિયાણી વાતો પણ પોકળ પુરવાર થઈ છે. પેપરલેસ અને હાઈટેક વહીવટી કામગીરીની બડાશો પણ હવા થઈ ગઈ છે. આર ટી ઓ કચેરીમાં વારંવાર સર્વર ડાઉન થતા નાગરિકોના કામો અટવાતા હોવાની અનેક ફરિયાદો અત્યારસુધીમો રોષનુ કારણ બની છે. જયારે અરજદારોનો સમય ન બગડે તે માટે ઓનલાઈન એપોઈન્ટમેન્ટ સિસ્ટમની યોજના અમલમાં મુકવામાં આવી હોવાનો દાવો પણ આર ટી ઓ તંત્ર દ્વારા કરવામાં આવી રહયો છે. પરંતુ આર ટી ઓ કચેરીમાં છેલ્લા ઘણાં સમયથી અરજદારો ધક્કે ચઢી રહયા છે. આમ નાગરિકોના કામો થતા નથી. આર સી બુક જેવા કામો પણ મહીનાઓથી અટવાયેલા છે. સપ્તાહના બદલે બે મહીનાના અંતે પણ અરજદારોને આર સી બુક મળતી નથી. જયારે તંત્ર સિસ્ટમમાં ક્ષતિ હોવાનુ જણાંવી લાચારી સેવી રહયુ છે. આર ટી ઓ તંત્રની નિરસતાના લીધે આમ નાગરિકો પરેશાન છે.

## નાયબ જિલ્લા વિકાસ અધિકારી અજય પટેલની બદલી કરાઈ

રાજયના મહેસુલ વિભાગ દ્વારા આજે જારી કરાયેલા નાયબ કલેક્ટરોની બદલીમાં ગાંધીનગર જિલ્લામાં ડે. કલેક્ટર પ્રોટોકોલની જગ્યા ભરવા ઉપરાંત જિલ્લા પંચાયતના નાયબ જિલ્લા વિકાસ અધિકારી અજય પટેલની બદલીના હુકમ કરવામાં આવ્યા છે.

આજે કરાયેલ બદલીના હુકમમાં જિલ્લા પંચાયતના નાયબ જિલ્લા વિકાસ અધિકારી અજય પટેલની બદલી સરદાર સરોવર નર્મદા નિગમમાં ખાસ જમીન સંપાદન અધિકારી તરીકે અમદાવાદ ખાતે કરવામાં આવી છે. જયારે તેમના સ્થાને બી.કે. પટેલને નાયબ જિલ્લા વિકાસ અધિકારી તરીકે મુકવામાં આવ્યા છે. જે સરદાર સરોવરમાં ફરજો બજાવતા હતા.

જિલ્લા કલેક્ટર કચેરીમાં નાયબ કલેક્ટર પ્રોટોકોલ તરીકે એચ.ટી. યાદવની નિમણુંક કરવામાં આવી છે. યાદવ પ્રાંત અધિકારી પાટડી તરીકે ફરજો બજાવતા હતા.

# અડાલજમાંથી તોફાની વાનરનાં બદલે પાંચ નિર્દોષ વાંદરા પકડ્યા

## ભાજપ સરકારે વિકાસના નામે વાનરવેડાં કરતાં પ્રજા આજે ભયભીત થઈ યાતનાઓ વેઠી રહી છે : ડો. હિમાંશુ પટેલ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર નજીક આવેલાં અડાલજમાંથી પ્રજાને ત્રાસ આપી રહેલાં એક વાનરને પકડી નહીં શકતી ભાજપ સરકારે તેના ગતિશીલ વિકાસના વહીવટનો ઉત્તમ નમૂનો પૂરો પાડ્યો છે. જેમાં આ તોફાની વાનર બાજુના ગામમાં જતા ભાજપના વહીવટતંત્રએ પાંચ નિર્દોષ વાનરોને પકડી પ્રજાની પરેશાની યથાવત રાખી છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસનાં પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, ગાંધીનગર અને અમદાવાદને જોડતા અડાલજ ગામમાં છેલ્લા અઠવાડીયાથી એક વાનર રાજ તોફાની થયો છે. અડાલજમાં અવરજવર કરતાં લોકો ઉપર હુમલો કરતો આ વાનર બચકાં ભરી રહ્યો છે તો વાહનો ઉપર કુદકા મારી અકસ્માતો સર્જવા સાથે વાહનો અને વાહનચાલકોને પારાવાર નુકસાન કરી રહ્યો છે. આ વાનરને પકડી લેવાં અનેકવાર ફરિયાદો કર્યા બાદ ઉંઘતી ભાજપ સરકારનાં જાગેલા વહીવટ તંત્રએ શોધખોળ આદરી હતી.

જેમાં આ તોફાની વાનર અત્યારે ઝુંડાલ અને આસપાસનાં વિસ્તારમાં જતો રહ્યો છે ત્યારે અડાલજમાંથી અન્ય પાંચ નિર્દોષ વાનરોને ગતિશીલ વહીવટનું ઉમદા ઉદાહરણ પુરું પાડનાર ભાજપ સરકારે પ્રજા ઉપર તોફાની વાનરનો ત્રાસ યથાવત રાખ્યો છે...! ભાજપ સરકારે ગુજરાતમાં મહાત્મા ગાંધીજીનાં ત્રણ વાંદરાઓની જેમ પ્રજાનાં કામો કરવાનાં બદલે વિકાસનાં નામે વાનરવેડાં કરતાં આજે પ્રજાને ભારે યાતનાઓ વેઠવી પડી રહી છે. તેમણે ભાજપ સરકારને આ બાબતે પ્રાધાન્ય આપી તોફાની વાનરને જ સત્વરે પકડી અડાલજ વિસ્તારની પ્રજાને ભયમુક્ત કરવા જણાવ્યું છે.

## ગાંધીનગર શહેર મોચી સમાજની પરિચય પુસ્તિકા તૈયાર થશે

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેર મોચી સમાજ દ્વારા ગાંધીનગરમાં વસતા સમસ્ત (કોઈ પણ ગોળના બાધ વિના) મોચી સમાજની પરિચય પુસ્તિકા માત્ર માહિતીના હેતુ માટે તૈયાર કરવાની કામગીરી હાથ ધરવામાં આવે છે તો તમામ મોચી સમાજના પરીવારોને જણાવવાનું કે તેમના કુટુંબના સભ્યોની વિગતો નિયત ફોર્મમાં ભરીને ભગવાનભાઈ ગોહેલ-મો. ૯૯૭૮૪૪૨૦૪૪, હસમુખભાઇ વાઘેલા-મો. ૯૪૨૬૩૯૮૮૧૮, શૈલેશભાઈ યાદવ-મો. ૯૮૯૮૦૨૮૧૫૬, મહેન્દ્રભાઈ રાઠોડ-મો. ૯૮૯૮૦ ૬૭૮૧ ઉનેતા. ૧૮ નવેમ્બર ૨૦૧૮ સુધીમાં પહોંચાડવા અનુરોધ કરાયો છે.



## આજે રાહુલ ગાંધી ચિલોડા ખાતેથી નવસર્જન યાત્રાનો પ્રારંભ કરાવશે

કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી ગુજરાતના પ્રાણ પ્રશ્નોને પ્રજા સમક્ષ રજુ કરવા ઉત્તર ગુજરાતના પ્રવાસનો આજથી ચિલોડાથી પ્રારંભ કરશે. સવારે નવ વાગ્યાના સુમારે રાજ્યના પાટનગરના પ્રવેશદ્વાર સમા ચિલોડામાં નવસર્જન યાત્રા લઈને આવી પહોંચશે. રાહુલ ગાંધીના આગમનથી કોંગ્રેસમાં પ્રાણ ફુંકાયા છે. જેથી તેમના સ્વાગત માટે તડામાર તૈયારીઓ થઈ ચુકી છે. જેમાં ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ, દહેગામ, કલોલ, માણસા, પેથાપુર વગેરેના મોટી સંખ્યામાં કોંગ્રેસી આગેવાનો તથા કાર્યકરો ચિલોડા ઉમટી પડવાના છે. તંત્ર અને પોલીસ દ્વારા સઘન ચેકીંગ તેમજ પૂરતા બંદોબસ્તનું આયોજન હાથ ધરાયું છે. ચિલોડામાં સર્કલના ત્રિભેટે ભવ્ય સ્ટેજ બનાવવામાં આવ્યું છે જેમાં રાજ્યના કોંગ્રેસી આગેવાનો પણ રાહુલ ગાંધી સાથે આ નવસર્જનયાત્રામાં જોડાશે અને રાહુલ ગાંધીનું ઉષ્માભર્યુ સ્વાગત કરશે. ચિલોડાથી પ્રારંભ થનાર યાત્રા છાલા, પ્રાંતિજ, હિંમતનગર વગેરે સ્થળોએ પહોંચશે. મોટી સંખ્યામાં જન મેદની ઉમટી પડવાની શક્યતાએ તંત્ર સાબદુ બન્યુ છે.

## ભાજપ મહીલા મોરચાના પ્રમુખની નિમણુંક

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગર જિલ્લા ભાજપ દ્વારા જિલ્લા ભાજપ મહીલા મોરચાના પ્રમુખ તરીકે છાયાબેન કાંતિલાલ ત્રિવેદીની નિમણુંક કરવામાં આવી છે. જિલ્લા ભાજપના મહામંત્રી આઈ બી વાઘેલાએ આ અંગે જણાંવ્યા મુજબ મહીલા મોરચાના પ્રમુખ તરીકે છાયાબેન તેમજ ગાંધીનગર જિલ્લા અનુસુચિત જાતિ મોરચાના પ્રમુખ તરીકે નિલેશ અરવિંદ આચાર્યની નિમણુંક કરવામાં આવી છે.

# ખેતીની આવક વધી ૧ લાખ, ૩૬ હજાર કરોડ રૂપિયા થઈ

## નીતિન પટેલે ખેડૂતોની સ્થિતિ અંગે પત્રિકા જાહેર કરી : ખેડૂતોની સ્થિતિ મામલે કોંગ્રેસના જૂઠ્ઠાણાંઓનો પર્દાફાશ કરવા ભાજપનો પ્રયાસ : કૃષિ બજેટમાં ૬૨ ગણો વધારો

અમદાવાદ,તા.૧૦

ગુજરાતના ખેડૂતો અને ખેતીની સ્થિતિ અંગે કોંગ્રેસ દ્વારા કરાતા આક્ષેપો અને ફેલાવાતાં જૂઠ્ઠાણાંઓનો પર્દાફાશ કરતી ખેડૂતોની સાચી જાણકારી માટેની એક મહત્વની પત્રિકા રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે આજે પ્રસિધ્ધ કરી હતી. જેમાં ગુજરાત રાજયમાં ૧૯૯૫ સુધી કોંગ્રેસના શાસનમાં ખેડૂતોની શું સ્થિતિ હતી અને છેલ્લા ૨૨ વર્ષોમાં ભાજપના શાસન દરમ્યાન ખેડૂતો અને ખેતીની સ્થિતિમાં શું સુધારો અને પ્રગતિ થઈ તેની આંકડાકીય માહિતી સાથેની રૂપરેખા અને નક્કર માહિતી જાહેર કરાઈ છે. જે જાહેર કરતાં નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, કોંગ્રેસના શાસનમાં રાજયના ખેડૂતોની ખેતીની કુલ વાર્ષિક આવક રૂ.સાત હજાર હતી, જેની સામે ભાજપના શાસનમાં અત્યારે રાજયની ખેતીની કુલ આવક રૂ.૧,૩૬,૦૦૦ કરોડ થઈ છે. કૃષિ વિકાસ દર ડબલ ડીઝીટમાં પહોંચ્યો છે. કોંગ્રેસના સમયમાં કૃષિ બજેટ માત્ર રૂ.૫૯૦ કરોડ હતી, જેની સામે ભાજપે ૬૨ ગણું બજેટ વધારી કુલ રૂ.૩૬,૮૬૦ કરોડનું બજેટ કર્યું છે. નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસના શાસનમાં ખેડૂતોને પાક ધિરાણ ૧૮ ટકા જેટલા ઉંચા વ્યાજથી હતુ જયારે ભાજપના શાસનમાં માત્ર એક ટકાના વ્યાજે પાક ધિરાણ અપાય છે. કોંગ્રસના સમયમાં પાક ધિરાણ વાર્ષિક રૂ.૬૭૨ કરોડ હતું, જયારે આ વર્ષમાં રૂ.૧૨,૧૦૫ કરોડનું પાક ધિરાણ ખેડૂતોને અપાયું છે. ભાજપ સરકારે સમગ્ર દેશમાં સૌપ્રથમવાર ગુજરાત રાજયમાં ખેડૂતો માટે અકસ્માત વીમા યોજના અમલમાં મૂકવામાં આવી છે અને તે અંતર્ગત કુલ રૂ.૧૩૭ કરોડ અકસ્માત વીમા યોજના હેઠળ ખેડૂતોના પરિવારજનોને ચૂકવાયા છે. અગાઉ રાજયમાં કુલ ૧૧૨ લાખ હેકટરમાં વાવેતર થતુ હતુ, જયારે ભાજપના શાસનમાં ૧૪ ટકા જેટલો વાવેતરનો વિસ્તાર વધ્યો છે. કોંગ્રેસે તેના શાસનમાં વર્ષે ૧૯૬૦થી ૪૨ વર્ષમાં સાત લાખ, ૩૩ હજાર વીજજોડાણો આપ્યા, જેની સામે ભાજપ સરકારે માત્ર પંદર વર્ષમાં આઠ લાખ, ૩૫ હજાર વીજજોડાણો ખેડૂતોને આપ્યા છે. એટલું જ નહી, ભાજપ સરકારે વર્ષ ૨૦૧૭-૧૮ના બજેટમાં સવા લાખ નવા કૃષિવીજયક જોડાણો આપવા માટે રૂ.૨૦૦૦ કરોડની જોગવાઈ કરી છે. છેલ્લા ત્રણ વર્ષમાં રાજયના પંદર લાખથી વધુ ખેડૂતોને વીજબીલમાં રાહત માટે રૂ.૮૯૬૬ કરોડની સબસીડી આપવામાં આવી છે, જયારે ચાલુ વર્ષે રૂ.૪૦૧૧ કરોડની જોગવાઈ કરાઈ છે.

# રેસ્ટોરન્ટમાં ભોજન સસ્તુ બનશે જીએસટી માત્ર પાંચ જ ટકા

ગાંધીનગર,તા. ૧૦

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે જીએસટી કાઉન્સિલની બેઠકમાં આજે તમામ પ્રકારના રેસ્ટોરન્ટ પર હવે માત્ર પાંચ ટકા ટેક્સ લાગૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આના ભાગરુપે રેસ્ટોરન્ટમાં ભોજન સસ્તુ થશે. નાણામંત્રીએ કહ્યું હતું કે, છેલ્લા કેટલાક દિવસથી આવી રહેલી માંગને ધ્યાનમાં લેવામાં આવી રહી હતી. જો કે, નાણામંત્રીએ કહ્યું હતું કે, ટેક્સમાં ફેરફાર ૧૫મી નવેમ્બરથી લાગૂ થશે. કારણ કે, કેન્દ્ર અને રાજ્યોને જુદા જુદા નોટિફિકેશન જારી કરવાની ફરજ પડશે. અરુણ જેટલીએ વિગત આપતા કહ્યું હતું કે, બે વસ્તુઓ એવી છે જેને ૨૮ ટકાથી ૧૨ ટકાના ટેક્સમાં લાવવામાં આવી છે. ૧૩ વસ્તુઓને ૧૮થી ૧૨ ટકા, છ વસ્તુઓને ૧૮થી ૫ ટકા, આઠ વસ્તુઓને ૧૨થી ૫ ટકાના સ્લેબમાં લાવવામાં આવી છે. છ વસ્તુઓ એવી છે જેના પર હવે શૂન્ય ટેક્સ લાગશે. જેટલીએ કહ્યું હતું કે, તમામ પ્રકારના રેસ્ટોરન્ટ એસી અને નોન એસી પર પાંચ ટકા ટેક્સ લાગશે. રેસ્ટોરન્ટ ઈન્ડસ્ટ્રી માટે ઈનપુટ ટેક્સ ક્રેડિટ (આઈટીસી)ને ખતમ કરવાનો નિર્ણય કરાયો છે. કારણ કે, કન્ઝ્યુમરોને આનો લાભ અપાઈ રહ્યો ન હતો. ફાઈવ સ્ટાર હોટલોમાં વર્તમાન રેસ્ટોરન્ટમાં જુની વ્યવસ્થા લાગૂ રહેશે. એટલે કે ૧૮ ટકા ટેક્સ લાગશે અને આઈટીસી સુવિધા મળશે. કારોબારીઓને પણ રાહત અપાઈ છે.

કમ્પોઝિશન સ્કીમની મર્યાદા એક કરોડથી વધારીને ૧.૫ કરોડ કરાઈ છે. કારોબારીઓને ફોર્મ-૩ ભરવામાં રાહત અપાઈ છે. આને ૩૧મી માર્ચ સુધી ફાઈલ કરી શકાશે. ૧.૫ કરોડથી ઓછા ટર્નઓવરવાળા કારોબારીઓને ૧૫મી ફેબ્રુઆરી સુધીનો સમય અપાયો છે. ૧.૫ કરોડ ટર્ન ઓવર પર દર મહિને રિટર્ન ફાઈલ કરવા પડશે. લેટ ફાઈલિંગ ઉપર દંડની રકમ ઘટાડ દેવાઈ છે. શૂન્ય રિટર્નની સ્થિતિમાં લેટ ફાઈલિંગ માટે દંડ ૫૦ના બદલે ૨૦ રૂપિયા કરાયો છે.

# કોંગ્રેસના ઉમેદવારોની પ્રથમ યાદી ૧૬મીએ જાહેર કરાશે

ગાંધીનગર,તા.૧૦

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈ કોંગ્રેસના ઉમેદવારોની પ્રથમ યાદી તા.૧૬મી નવેમ્બરે જાહેર કરાશે આ અંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ ભરતસિંહ સોલંકીએ મહત્વની જાહેરાત કરી હતી. કોંગ્રેસની પ્રથમ યાદીમાં ૭૦થી વધુ ઉમેદવારોના નામો જાહેર કરાય તેવી શકયતા છે.

બીજીબાજુ, કોંગ્રેસના ઉમેદવારોની બીજી યાદીને પણ આખરી ઓપ આપી દેવાની કવાયત હાથ ધરાઈ છે, જે પણ પ્રથમ યાદી જાહેર થયાના થોડા સમય બાદ જાહેર કરાય તેવી શકયતા છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈ કોંગ્રેસના ઉમેદવારોની પસંદગી, પાટીદારોની ઓબીસીમાં અનામતની માંગણી સહિતના મુદ્દાઓને લઈ રાષ્ટ્રીય નેતા અને હાઈકમાન્ડ સાથે ચર્ચાવિચારણા માટે ગુજરાત કોંગ્રેસનું એક પ્રતિનિધિમંડળ ગઈકાલે દિલ્હી પહોંચ્યું હતું.

જયાં આજે કોંગ્રેસ અધ્યક્ષા શ્રીમતી સોનિયા ગાંધીના નિવાસસ્થાને કોંગ્રેસની સ્ક્રીનીંગ કમીટીની મહત્વની બેઠક યોજાઈ હતી. જેમાં સ્ક્રીનીંગ કમીટીના ચેરમેન બાલાસાહેબ થોરાટ, કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા એહમદ પટેલ, કપિલ સિબ્બલ, ગુજરાતના પ્રભારી અશોક ગેહલોત સહિતના નેતાઓએ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી સહિતના આગેવાનો સાથે ઉમેદવારોની પસંદગી અને પાટીદારોની ઓબીસીમાં માંગણી સહિતના મુદ્દે ચર્ચા વિચારણા હાથ ધરાઈ હતી. બેઠકમાં વિધાનસભાની ચૂંટણી અને બેઠકોને લઈ ઉમેદવારોની પસંદગી, સ્થાનિક જાતિવાદના સમીકરણો અને ઉમેદવારોની જીતમાં કયુ ફેકટર મહત્વનો ભાગ ભજવશે તે સહિતના મુદ્દે પણ ચર્ચા વિચારણા હાથ ધરાઈ હતી. બેઠકના અંતે કોંગ્રેસના ઉમેદવારોની પ્રથમ યાદી તા.૧૬મી નવેમ્બરે જાહેર કરવાનું નક્કી થયું હતું. કોંગ્રેસના ૧૦૦થી વધુ ઉમેદવારોના નામો ફાઈનલ થઈ ગયા છે અને તે સિવાયના અન્ય નામો પર પણ મોટાભાગે સંમતિ બની ગઈ છે અને તેથી હવે કોંગ્રેસના ઉમેદવારોની પ્રથમ યાદી તા.૧૬મી નવેમ્બરે જાહેર થાય તેવી પૂરી શકયતા છે અને ત્યારબાદ બીજી યાદી અંગેની કવાયત હાથ ધરાશે.






## રંગોળીના માધ્યમથી મતદાન જાગૃતિ સંદેશ

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી ડિસેમ્બર માસમાં યોજાનાર છે. આ સામાન્ય ચૂંટણીમાં મહત્તમ મતદાન થાય તથા મતદાન માટે જાગૃતિ આવે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પ્રયાસો હાથ ધરાયા છે. આ માટે સમગ્ર જિલ્લામાં જાગૃતિ ઝુંબેશ પણ હાથ ધરાઈ છે. આ ઝુંબેશના ભાગરૂપે કેટલીક શાળાઓના બાળકોએ પોતાની કલ્પનાના રંગો ભરીને મતદાન માટેની અનોખી અપીલ કરી છે. મતદાન જાગૃતિ માટે અમદાવાદ જિલ્લા વહીવટીતંત્રએ જિલ્લા કલેકટર અવંતિકા સિંઘના માર્ગદર્શન હેઠળ મતદાન જાગૃતિ અભિયાન વિવિધ માધ્યમો દ્વારા હાથ ધરવામાં આવ્યું છે. આ અંતર્ગત જિલ્લા અને શહેરની વિવિધ શાળાઓમાં રંગોળીના માધ્યમથી મતદાન જાગૃતિ કેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. જિલ્લા શિક્ષણાધિકારીના સંકલનમાં નરોડા વિસ્તારની વી.પી. તોમર સ્કૂલ, વેજલપુરની શાળા, સાધુ વાસવાણી શાળા જેવી શહેર-જિલ્લાની સંખ્યાબંધ શાળાઓના વિદ્યાર્થીઓએ આવશ્ય મતદાન માટે વિવિધ રંગોના માધ્યમથી મતદાન જાગૃતિ અભિયાનને વાચા આપી છે.